## –:: <u>આંક : ૧ લગત હુકમ</u> ::–

ફરીયાદ પક્ષ તરફથી હાલ ની ફરીયાદ દાખલ થતા ફરીયાદ તથા તેની સાથે રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓ અને ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ– ૧૪૫ મુજબ રજુ થયેલ સોગંદનામું ધ્યાને લેતા ફરીયાદી એ હાલ ની ફરીયાદ માં જેને આરોપી તરીકે દર્શાવેલ છે તે આરોપી ઝગડીયા કોર્ટ ની હકુમત બહાર ના રહેવાસીઓ હોય નામ. સુપ્રીમ કોર્ટ દ્વારા સ્યુઓ મોટો રીટ પીટીશન (સી.આર.એલ.) ન. ૨ તા. ૧૬/૦૪/૨૦૨૧ ના રોજ આપવામાં આવેલા હુકમ મુજબ ની પેરા ૨૪(૨) ની માર્ગદર્શીકા મુજબ હાલ ના આરોપી ઝગડીયા કોર્ટ ની હકુમત ના ક્ષેત્રાધીકાર (બીયોન્ડ ટેરીટોરીયલ જયુરીડીકશન) બહાર ના રહેવાસી હોય આરોપી સામે પ્રોસેસ ઈશ્યુ કરતા પહેલા ફરીયાદ ઈન્કવાયરી માટે રાખવામાં આવી હતી. ફરીયાદ અનુસંધાને ફરીયાદી એ ઈન્કવાયરી ના કામે પોતાનું વેરીફીકેશન તથા સોગં દનામું રજુ કરવામાં આવેલ છે. જે સોગંદનામું વંચાણે લેતા તેમાં ફરીયાદ માં જણાવેલ હકીકતો સોગંદ ઉપર કહેવામાં આવી છે જે મુજબ આ કામના આરોપી સાથે ફરીયાદી ને કાયદેસર નો વ્યવહાર થયો હોવાની અને તે વ્યવહાર અનુસંધાને આરોપીએ ફરીયાદી ને સવાલ વાળો ચેક આપેલ હોવાનું જણાવેલ છે. જે હકીકત પ્ર થમ દર્શનીય રીતે માનવા લાયક છે. ફરીયાદ તથા તેની સાથે રજુ થયેલા દસ્તાવેજો જોતાં તથા તેની સાથે ધા નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ– ૧૪૨(૨) વંચાણે લેતા અત્રે ની કોર્ટ ને ઉપરોકત ફરીયાદ લગત નું સં જ્ઞાન લેવાની હકુમત રહેલી છે. વધુ માં ઉપર જણાવેલ નામ. નામ. સુપ્રીમ કોર્ટ ના ચુકાદા ની ગાઈડલાઈન મુજબ ફરીયાદ કીમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૨૦૦ મુજબ દાખલ થતા જો તે કાયદા ની કલમ–૨૦૪ મુજબ કોર્ટ ને આરોપી સામે પ્રોસેસ ઈશ્યુ કરવા માટે સફીશીયન્ટ કોઝ જણાય આવે તો તે કલમ મુજબ આરોપી સામે પ્રોસેસ ઈશ્યુ કરવાનો હુકમ થઈ શકે અન્યથા તે કાયદા ની કલમ–૨૦૩ હેઠળ ફરીયાદ કાઢી નાખવાનો હુકમ થઈ શકે.

હાલ ની ફરીયાદ તથા તેની સાથે રજુ રાખેલા દસ્તાવેજી પુરાવાઓ અને સોગંદનામું જોતાં તથા ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ– ૧૩૮ તથા ૧૪૨(૨) મુજબ આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ જણાય આવતો હોય તેઓ સામે બીએનએસએસ–૨૦૨૩ ની કલમ–૨૨૭ હેઠળ પ્રોસેસ ઈશ્યુ કરવી ન્યાયોચીત લાગતું હોય, ન્યાય ના હીત માં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

## ::– હુકમ ::–

સદરહુ ઈન્કવાયરી ને ફોજદારી કેસ રજીસ્ટરે લેવા હુકમ કરવામાં આવે છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૮ મુજબ ના ગુન્હા નું સંજ્ઞાન લઈ આરોપી સામે બીએનએસએસ–૨૦૨૩ ની કલમ–૨૨૭ મુજબ નો સમન્સ મુદત તારીખ: ૨૭/૦૪/૨૦૨૬ નો ઈશ્યુ કરવો અને હાલ ની ઈન્કવાયરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૨૩/૦૩/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં જાહેર કરવામાં આવ્યો.

**તા. ૨૩/૦૩/૨૦૨૬**

**સ્થળ :– ઝઘડીયા**

**એડીશનલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,**
**ઝઘડીયા.**